ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G0

# વાત ગાંધીનગરના પરણિત યુગલ વગરના પરિવારોની

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ગ્રામીણ અને શહેરની વસ્તીને પરિવારની દષ્ટિએ જોઈએ તો ગ્રામીણ ગાંધીનગરના પરિવારોની સંખ્યા વધુ છે. ગાંધીનગરના કુલ ૨ લાખ, ૮૭,૨૦૦ પરિવાર પૈકી ૫૫ % પરિવારો એક લાખ ૬૦, ૪૮૦ પરિવાર ગ્રામીણ ક્ષેત્રમાં નોંધાયેલા છે જયારે ગાંધીનગર શહેરમાં પરિવારોની સંખ્યા એક લાખ ૨૬, ૭૪૦ ની છે. એટલે ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રમાં શહેરી ક્ષેત્રની ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રના પરિવારોની ચર્ચા કરવી છે.

સેન્સસ-૨૦૧૧ના મકાનો અને પરિવારોને ઉપલબ્ધ સુવિધાઓ, ગુજરાત શ્રુંખલા-૨૫ અનુસાર ગ્રામીણ ગાંધીનગરમાં ગાંધીનગર જિલ્લાના ૫૫ % પરિવારો વસ્યા છે. એ પૈકી ૧૮, ૬૮૦ પરિવારોમાં કોઈ પરણિત દંપત્તિ જ નથી. જેની ટકાવારી ૧૧ % જેટલી છે. જયારે ૯૯, ૬૦૩




## ભૌતિક સુખ સુવિધા ભરપૂર પણ સંતાનો અવિવાહિત

પરિવારો એવા છે કે જેમાં દંપત્તિની સંખ્યા 'એક' માત્રની છે. આ મુજબ જોઈએ તો ગ્રામીણ ક્ષેત્રના કુલ પરિવારો પૈકી ૬૨ % પરિવારોમાં પરણિત પાત્રનું અસ્તિત્વ છે. આ પરણિત દંપત્તિમાં માતા-પિતા અને તેમના સંતાનો હોય અથવા તો પરણિત સંતાન અને તેમના માતા અથવા પિતા હોઈ શકે. પણ એટલું તો સ્પષ્ટ છે કે સેન્સસ માહિતી મુજબ આ પરિવારોમાં પરણિત યુગલની સંખ્યા એક જ છે. જે દર્શાવે છે કે આ પરિવારોમાં સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત થયેલા કુટુંબની શક્યતા છે. કે જેમાં માતાપિતા અને તેમના અપરણિત સંતાનો હોઈ શકે. અથવા તો એક પરણિત સંતાન સાથે તેમના પિતા અથવા તો માતા હોય એમ બની શકે. આ પરિવારમાં એક માત્ર પરણિત દંપત્તિ નોંધાયેલા હોવાથી આપણે એમ સમજી શકીએ કે જો મા-બાપ અને અપરણિત સંતાનો સિવાયના પરિવારો જયાં છે અને સેન્સસ એમ દર્શાવ છે કે ઘર પરિવારમાં માત્ર એક જ પરણિત દંપત્તિ છે. ત્યારે જો મા-બાપ અને અપરણિત સંતાનો સિવાયની સ્થિતિમાં પરણિત સંતાનો સાથે મા - અથવા તો બાપ બેમાંથી એક જ હોય કારણ કે જો મા-બાપ અને તેમના પરણિત સંતાનો બંને પરિવારમાં સાથે હોય તો પરણિત દંપતિ એક નહીં બે નોંધાયેલા હોય. એટલે સેન્સસ મુજબ એક જ પરણિત યુગલની વાત છે એ અનુસાર એમ કહી શકાય.

ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં ૧૮, ૬૮૦ પરિવારમાં વિવાહીત દંપત્તિની જ ગેરહાજરી છે. પરંતુ જો ઘરમાં ઓરડાની સુવિધા જોવામાં ઓવ તો આ પૈકીના ૪૪ % પરિવારોમાં એક રૂમ અને ૩૮ % પરિવારો પાસે બે રૂમ અને ૧૩ ટકા પરિવાર પાસે ત્રણ રૂમની સુવિધા છે. આપણે એક રૂમ ધરાવતા પરિવારોની આમાંથી બાદ બાકી કરીએ તો ૫૧% પરિવારો પાસે બે અથવા ત્રણ રૂમની ભૌતિક સુખ સગવડ ઉપલબ્ધ છે પરંતુ પરિવારમાં પરણિત દંપત્તિની ગેરહાજરી છે ! સામાજિક અસમતાનું આ ચિત્ર ચિંતા ઉપજાવનારું છે.

# મનપામાં વહીવટદાર નિમવા હિલચાલ

**મેયરનુ ગૂંચવાયેલુ કોકડું ન ઉકેલાતા કોર્પોરેશનમાં નીતિવિષયક નિર્ણયો લઇ શકાતા નથી : સિનિયર આઇએએસ અધિકારીને વહીવટદાર તરીકે નીમવા ફાઈલ ચલાવાઈ: વહીવટદારની નિમણૂક થશે એટલે હાલના તમામ પદાધિકારીઓએ સત્તા છોડી દેવી પડશે**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર સહિતના પદાધિકારીઓ માટે ચૂંટણી યોજાઈ ગઈ તેને એક મહિનાથી પણ વધુ સમય થઈ ગયો તેમ છતાં હજુ સુધી આ મહાનગરપાલિકામાં મેયર સહિત પદાધિકારીઓની નિમણૂક થઈ શકી નથી. મેયર પદનું કોકડું ગૂંચવાયેલું હોવાથી મહાનગરપાલિકામાં નીતિવિષયક નિર્ણયો જે સ્થાયી સમિતિ અને સામાન્ય સભા દ્વારા લેવાના હોય છે તે લઈ શકતી નથી. જેને પગલે કર્મચારીઓના પગાર સહિત તમામ વિકાસના કામોની મંજૂરીને પણ રોક લાગી ગઈ છે. એટલે કે એક મહિનાથી વધુ સમયથી ગાંધીનગર મહાનગરપાલિકા તદ્દન સુષુપ્ત અવસ્થામાં આવી ગઈ છે. હજુ મેયર પદનુ આ કોકડું ક્યારે ઉકેલાય તે નિશ્ચિત ન હોવાથી ગાંધીનગર મહાનગર પાલિકાના વહીવટ માટે વહીવટદારની નિમણૂક કરવા ફાઈલ તૈયાર કરી ગતિવિધિ તેજ કરવામાં આવી છે. સિનિયર આઈએએસ અધિકારીને ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય બાબત એ છે કે ગાંધીનગર કોર્પોરેશનમાં વહીવટદારની નિમણૂક થશે ત્યારે હાલના તમામ પદાધિકારીઓએ સત્તા છોડી દેવી પડશે તેમજ પોતાની સરકારી ગાડીઓ પણ જમા કરાવી લેવી પડશે.

ગાંધીનગર મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યું ત્યારથી જ પક્ષ પલ્ટા અને પદાધિકારીઓના વિવાદમાં આ મહાનગરપાલિકા સતત ચર્ચામાં રહી છે. મહાનગરપાલિકાની ચૂંટણીની બીજી ટર્મમા કોંગ્રેસના કોર્પોરેટર પ્રવીણ પટેલે પક્ષપલટો કરી ભાજપમાં ભળી જઈને મેયર પદ મેળવી લીધુ હતુ. આ કેસ કોંગ્રેસ દ્વારા હાઈકોર્ટમાં લઈ જવામાં આવ્યો. આ મેયર સામેની પક્ષાંતર ધારાની ફરિયાદને કારણે કોર્પોરેશનમાં પદાધિકારીઓ નું કોકડું હજુ પણ ગૂંચવાયેલું પડ્યું છે. એક મહિના પહેલા મેયર સહિતના નવા પદાધિકારીઓની નિમણૂક માટે ચૂંટણી યોજાઈ હતી. પરંતુ મેયર સામે ચાલતા પક્ષાંતર ધારાના કેસને પગલે મેયરના મત અને ચૂંટણીનું પરિણામ કવરમાં સીલ કરી દેવા હાઈકોર્ટે સૂચના આપી હતી. આ કવર હાઈકોર્ટ દ્વારા ખોલવામાં આવનાર છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પદના ગુંચવાયેલા કોકડાને પગલે હાલ ગાંધીનગર મહાનગરપાલિકાના ઘણા વિકાસના કામો અટકી પડ્યા છે તે ઉપરાંત સ્થાયી સમિતિ અને સામાન્ય સભાએ જે નીતિ વિષયક નિર્ણયો લેવાના હોય છે તે પણ લઈ શકાતા ન હોવાથી ગાંધીનગર મહાનગરપાલિકા સુષુપ્ત અવસ્થામાં આવી ગઈ છે. આ બાબતને ગંભીરતાથી લઈને શહેરી વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં વહીવટદાર નીમવા માટે હિલચાલ શરૂ કરી દેવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા આ વિષય અનુસંધાને ફાઈલ તૈયાર કરીને સચિવાલય સુધી મોકલી દેવામાં આવી હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં વહીવટદાર તરીકે સિનિયર આઈએએસ અધિકારીની નિમણૂક કરવામાં આવે તેવી શક્યતા છે. આ વહીવટદાર પાસે સ્થાયી સમિતિ અને સામાન્ય સભાના તમામ પાવર રહેશે અને નીતિવિષયક નિર્ણયો પણ લઈ શકશે. વહીવટદારની નિમણૂક બાદ ગાંધીનગર મહાનગર પાલિકાના તમામ પદાધિકારીઓ સત્તા ઉપરથી ઉતરી જશે અને માત્ર કોર્પોરેટર જ રહેશે.

# શહેરમાં ઠંડીનો ચમકારો : એક જ દિવસમાં પારો ૩ ડિગ્રી ગગડ્યો

**લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ૧૫.૬ ડિગ્રી સે. થી ૧૨.૬ ડિગ્રી સે. સુધી ગગડ્યું : ઠંડીની તીવ્રતા વધતા શહેરીજનો ગરમ વસ્ત્રોના શરણે : સાંજથી શહેરના માર્ગો પર ટ્રાફિકની ચહલપહલમાં ઘટાડો થવા લાગ્યો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ફરી એકવાર તાપમાનનો પારો અચાનક ૩ ડિગ્રી જેટલો ગગડી જતાં શહેરીજનોને શિયાળાની તીવ્ર ઠંડીનો અહેસાસ થવા પામ્યો છે. માત્ર એક જ દિવસમાં જે લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી સે. હતુ તે ઘટીને ૧૨.૪ ડિગ્રી સે. થઈ જવા પામ્યું છે જેના કારણે શહેરમાં ઠંડીની લહેર પ્રસરી જવા પામી છે. ઠંડીની તીવ્રતા વધતા જ શહેરમાં સાંજના સમયથી માર્ગો પરની ચહલપહલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે અને રાત્રે ઝડપથી વાતાવરણ સુમસામ બની રહ્યું છે.

ગઈકાલે વાતાવરણમાં મહત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી સે. નોંધાયુ હતુ તેમાં નજીવા ફેરફાર સાથે આજે તાપમાનનો પારો ૨૯.૬ ડિગ્રીએ અટક્યો હતો. જો કે લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ત્રણ ડિગ્રી જેટલું નીચુ નોંધાયુ હતુ.



ગઈકાલે શહેરમાં લઘુત્તમ તાપમાન જે ૧૫.૬ ડિગ્રી સે. હતુ તે આજે ૧૨.૬ ડિગ્રી સે. સુધી ગગડી જતા શહેરીજનોને ઠંડીના ચમકારાનો અનુભવ થવા પામ્યો છે. એક તરફ શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખિલી છે ત્યારે બીજી તરફ ઠંડીનું પ્રમાણ વધતા રાત્રીના સમયે લગ્ન સમારંભોમાં યોજાતા રાસ-ગરબા તથા સંગીત સંધ્યા સહિતના કાર્યક્રમોમાં મહેમાનોની હાજરી પર અસર પડવા પામી છે. આજે સવારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા હતુ તે પણ ઘટીને સાંજે ૫૮ ટકા થઈ ગયું હતું. ઠંડીની તીવ્રતા વધતા જ શહેરીજનો ગરમ વસ્ત્રોના સહારે આવી ગયા છે અને રાત્રે ઓઢવા માટે પણ હવે ફરજિયાત રજાઈ-ધાબળા કે બ્લેન્કેટ વગેરેનો ઉપયોગ શરૂ કરવો પડી રહ્યો છે. જો કે ઠંડીના વાતાવરણમાં સ્વાસ્થ્ય પ્રેમી શહેરીજનોની વહેલી સવારે મોર્નિંગ વૉક કે યોગ-વ્યાયામ માટેની સંખ્યામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. જ્યારે દમ, અસ્થમા, ટીબી કે શ્વાસની તકલીફ ધરાવતા શહેરીજનો માટે ઠંડી વધતા તકલીફોમાં વધારો થવા પામ્યો છે.

# મોદીએ કયા દેશને શુભેચ્છાના પ્રતિક તરીકે ૨૦૦ ગાયો ભેટ આપી ?

**પંચાયત સેવા પસંદગી મંડળની પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન : તંત્રએ રાહતનો દમ લીધો : ૫૦ ટકા જ પરીક્ષાર્થી પરીક્ષા આપવા આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે લેવાયેલ બે સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૫૦ ટકા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

શાંતિપૂર્ણ વાતાવરણમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના સિવાય પરીક્ષા સંપન્ન થઈ છે. આજની બન્ને સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રશ્નપત્રો સરળ નીકળતાં મેરીટ ઊંચુ જશે તેમ મનાઈ રહ્યુ છે.

વિસ્તરણ અધિકારી (સહકાર)ની પરીક્ષામાં સહકારી ક્ષેત્રને લગતા પ્રશ્નો ઉપરાંત ગણિત, સામાન્ય જ્ઞાન તેમજ અંગ્રેજી ભાષાના અને વ્યાકરણના પ્રશ્નો પુછાયા હતા. સમાજકલ્યાણ નીરીક્ષકની પરીક્ષામાં પણ વિવિધ યોજનાઓને લગતા પ્રશ્નો પુછાયા હતા.

વિસ્તરણ અધિકારીની પરીક્ષામાં હાઈડ્રોજન પરમાણુનો વ્યાસ કેટલો નેનોમીટર હોય છે ?, ૧૯૫૧માં રચાયેલ ગ્રામધિરાણ તપાસ સમિતિ કયા નામથી પ્રચલિત છે ?, ''ગાંધીનગરથી ગાડી ઉપડી'' અધોરેખિત પદની વિભક્તિ દર્શાવો ?, આણંદ પાસે સ્થપાયેલ પ્રથમ દૂધ ઉત્દક સહકારી મંડળીઓ કઈ છે ?, સહકાર વિષયવસ્તુ ઉપર આધારિત નાટકનું નામ ? કેન્દ્ર સરકારે કઈ કમિટીની ભલામણોને આધારે મલ્ટીસ્ટેટ કો.ઓ. સોસાયટી એક્ટ-૨૦૦૨માં સુધારા કર્યા હતા ?, નાફેડનું આખુ નામ શું ?, સમરસ ગ્રામ પંચાયતને અનુદાન ઉપરાંત અન્ય કઈ સગવડ આપવામાં આવે છે ?

વડાપ્રધાન મોદીએ શુભેચ્છાના પ્રતીક તરીકે કયા દેશને ૨૦૦ ગાયો ભેટ આપી ?, સમવાયી મંડળીના રજીસ્ટ્રેશન માટે ઓછામાં ઓછી 'મડળી'ઓ તેના સભ્ય તરીકે હોવી જોઈએ ?, 'ઓપરેશન ફલડ' કાર્યક્રમ ક્યારે અમલમાં આવ્યો જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

સમાજકલ્યાણ નીરીક્ષકની પરીક્ષામાં સમાજ કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓને લઈ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

વિસ્તરણ અધિકારીની પરીક્ષામાં ૫૭ ટકા પરીક્ષાર્થી હાજર રહ્યા હતા જ્યારે સમાજકલ્યાણ નીરીક્ષકની પરીક્ષામાં ૫૦ ટકા પરીક્ષાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

પરીક્ષા કાર્ય શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો હતો.

# શહેરમાં ચિકનગુનિયાના બે કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાંથી ચિકનગુનિયાના વધુ બે કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સેક્ટર-૨૪ અને સે. ૩૦માંથી આ કેસ મળી આવ્યા છે. શહેરમાં ચિકનગુનિયાના કેસોની સંખ્યા આ બે કેસ સાથે ૧૩૫૨ પહોંચી છે. આ બન્ને દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઠંડીનો માહોલ એક તરફ જામતો જાય છે ત્યારે બીજી તરફ ચિકનગુનિયાના બે કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્ર દ્વારા સર્વેલન્સના આદેશો આપી દેવામાં આવ્યા છે. શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળાના ત્રણેય પ્રકારના કેસો મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મળી આવ્યા છે. મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે જ્યારે ડેન્ગ્યુમાં ૨૦૧૬ની સ્થિતિનું પુનરાવર્તન થતુ જોવા મળી રહ્યુ છે. શહેરમાં ચિનકગુનિયાના ૧૩ કેસ એ પણ નોંધનીય છે.

# ગોલ્ડન કાર્ડ હવે પ્રા.આ. કેન્દ્ર ખાતેથી ટુંક સમયમાં મળતા થશે

ગાંધીનગર, તા. ૯

આયુષ્યમાન ભારત અંતર્ગત આપવાના થતા ''ગોલ્ડન કાર્ડ'' હવે ટુંક સમયમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ બનશે.

સામાજિક રીતે આર્થિક પછાત વર્ગના લોકોને ''ગોલ્ડન કાર્ડ'' આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત આપવામાં આવનાર છે. આ માટે વર્ષ ૨૦૧૧માં થયેલ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર કલ્ચરલ ફોરમની 'અભિવ્યક્તિ'










ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત વિવિધ કલ્ચરલ સ્કૂલના તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત સ્ટેજ કાર્યક્રમ 'અભિવ્યક્તિ'નું સંચાલન સ્કૂલ ઑફ પર્સનાલિટી ડેવલપમૅન્ટના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત આ સ્કૂલના તાલીમાર્થીઓએ વિવિધ સકારાત્મક વિષયો પર પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતાં.

ટાઉનહૉલના વિશાળ વેઈટિંગ હૉલમાં સ્કૂલ ઑફ ડ્રોઈંગ ઍન્ડ પેઈન્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલાં સુંદર ચિત્રોની સજાવટ કરવામાં આવી હતી. સ્કૂલ ઑફ મ્યુઝિકના તાલીમાર્થીઓ દ્વારા સૌપ્રથમ પ્રાર્થના બાદ ગુજરાતી, હિન્દી, રાજસ્થાની ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સ્કૂલ ઑફ ડાન્સના તાલીમાર્થીઓ દ્વારા બે ડાન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા ત્રણ નાટકોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જે પૈકી એક બાળનાટક હતું.



ઉલ્લેખનીય છે કે આ વર્ષે કલ્ચરલ ફોરમ સંચાલિત આ વિવિધ તાલીમ વર્ગોમાં ૧૮૫ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને માણવા માટે મોટી સંખ્યામાં તાલીમાર્થીઓના વાલીઓ અને નગરના કલારસિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર એ હવે માત્ર સરકારી નગર નથી રહ્યું, એ સંસ્કારી નગર બની ચૂક્યું છે. અને આ નગરને સંસ્કારી નગર તરીકે જાણીતું બનાવવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંસ્થા સતત પ્રયત્નો કરતી રહી છે અને કરતી રહેશે.'

ગાંધીનગરની સૌથી મોટી કલાસંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ સંસ્થા સંચાલિત વિવિધ કલા તાલીમ વર્ગોના સમાપન સમારોહમાં વક્તવ્ય આપતાં આ શબ્દોનું ઉચ્ચારણ રવિવારે રાત્રે ટાઉનહૉલમાં કર્યું હતું. સ્વાગત પ્રવચન સંસ્થાના મંત્રી પ્રકાશ લાલા દ્વારા કરવામાં આવ્યું હતું અને સમાપન કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. તરૂણાબેન બળવંતભાઈ પટેલ**

સ્વ. તા. ૧૦/૧૧/૨૦૧૮, શનિવાર

પડ્યા હૃદયમાં ઘા રૂઝાશે નહી,
મરણના આંસુ કદી સુકાશે નહી.
આપનો વિરલ સ્વભાવ કદી વિસરાશે નહી,
આપની ઓચિંતી વિદાય કદી ભુલાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ આપે એ જ પ્રાર્થના
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ. નારણભાઈ આત્મારામદાસ પટેલ

| | |
|---|---|
| નીમા બળવંતભાઈ પટેલ | બળવંત નારણભાઈ પટેલ |
| જૈમિન બળવંતભાઈ પટેલ | ચમનભાઈ આત્મારામદાસ પટેલ |
| લાભુબેન રામાભાઈ પટેલ | રામાભાઈ આત્મારામદાસ પટેલ |
| ફાલ્ગુનીબેન રતિશચંદ્ર પટેલ | રતિશચંદ્ર રામાભાઈ પટેલ |
| ઈલાબેન વિજયભાઈ પટેલ | વિજયભાઈ રામાભાઈ પટેલ |

ધરા, કૃપા, ક્રિસ, હેના

કોલવડા ગામ - ૪૨ સમાજ પરિવાર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com